# કેવીકે, વ્યારા દ્વારા સજીવખેતી કરતા ખેડૂતોને ઘરે બેઠા માર્ગદર્શન અપાયું

કોરોનાવાયરસ ને કારણે સર્જાયેલ લોકડાઉનની પરિસ્થિતિમાં ખેડૂતો ને ઘરે બેઠા કૃષિ વિષયક માહિતી મળે અને તેમના પ્રશ્નોનું નિરાકરણ થાય તે હેતુ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વ્યારા રિલાયન્સ ફાઉન્ડેશનના સહકારથી ડાયલ-આઉટ કોન્ફરન્સનો દોર ચલાવી રહ્યું છે.

તારીખ ૦૬-૦૫-૨૦૨૦ ના રોજ યોજાયેલ ડાયલ-આઉટ કોન્ફરન્સમાં સજીવ ખેતી સાથે સંકળાયેલ તાપી જિલ્લાના કુલ ૪૩ ખેડૂતમિત્રો લાભાન્વિત થયા હતા. રિલાયન્સ ફાઉન્ડેશનના રેનીસભાઈ ભરૂચવાલાએ સમગ્ર કાર્યક્રમનું સૂત્રસંચાલન કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં કેવીકેના વડા ડૉ. સી. ડી. પંડયાએ ભારત સરકારે જાહેર કરેલ રાષ્ટ્રીય કૃષિ સલાહ તથા ખેડૂતો-વેપારીઓ વચ્ચે જોડાણ કરવા અંગે અને કૃષિ ચીજ-વસ્તુઓના સરળ પરિવહન માટે શરૂકરવામાં આવેલ કિસાન રથ એપ્લિકેશન વિશે સમજણ આપી હતી. વધુમાં તેઓએ કોરોનાવાયરસ થી બચવા માટે આરોગ્ય સેતુ એપ્લિકેશન નું મહત્વ સમજાવ્યું હતું. પાક ઉત્પાદનના વૈજ્ઞાનિક પ્રો. કે. એન. રણાએ સજીવખેતી સાથે જોડાયેલા ખેડૂતોને ખરીફ ઋતુ દરમિયાન લેવામાં આવતા વિવિધ પાકમાં કઈ રીતે અગમચેતી રાખીને રોગ-જીવાત આવતા અટકાવી શકાય તથા તેનો ઉપદ્રવ નિયંત્રણમાં લાવી શકાય તે વિશે વિસ્તૃતમાં માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતમાં ખેડૂતો દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નોનું સંતોષપૂર્ણ નિરાકરણ કરવામાં આવ્યું હતું.

